અપીલ અરજી નં.પર તા.૩૦–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૨૯–૩–૧૧ની અરજીથી નવી વસાહતમાં મફત નગરમાં તેમજ શિવાજી નગરમાં તુટેલ પત્થર બેસાડવા સેટ રીસેટ કરવાનું જે કામ બાકી અધુરૂ છે તે પુરુ કરવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૩૦–૪–૧૧ ની **SMC/FAP/** નં.પર/૨૦૧૧–૧૨

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૨૯–૩–૧૧ની અરજીથી નવિ વસાહતમાં મફત નગરમાં તેમજ શિવાજી નગરમાં તુટેલ પત્થર બેસાડવા સેટ રીસેટ કરવાનું જે કામ બાકી અધુરૂ છે તે પુરુ કરવા બાબતે નિયત સમયઅવધિમાં કોઈ નિર્ણય મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે વરાછાઝોન ખાતે મળેલ અપીલના તબદીલીની વિગતો મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૭૮ તા.૯–૫–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને અપીલ અરજી સંદર્ભમાં નિર્દિષ્ટ અરજીઓ, પત્રો, મળેલ માહિતીના પત્રોની નકલો રજૂ કરવા તથા પક્ષકાર જાહેર માહિતી અધિકારી જણાવેલ નથી તે અંગે વિગતો મોકલવા સાથે જવાબો માન્ય નથી તે અંગે આધાર હોય તો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી તા.૭–૬–૧૧ ના રોજ પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારે આરટીઆઈ અરજી તથા અપીલ અરજી દફતરે કરવા અંગેની વરાછાઝોનના ફોરવર્ડીગ લેટર ઉપર અરજદારે સહી કરેલ છે તેના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૯–૩–૧૧ ની આઈડી નં.૮૫૦ ની અરજીથી સુરત મહાનગરપાલિકાએ સ્લમ વિસ્તારમાં ગોટલાના ગલીઓમાં પથ્થર બેસાડેલ છે પરંતુ વધારે સમય થતાં પથ્થર તૂટી ગયેલા છે ઉભરાતી ગટરોનું ગંદુ પાણી નીકળી શકતું નથી ગંદા પાણીનો નિકાલ સરળતાથી થાય એ હેતુથી અરજદારે અગાઉ પથ્થર સેટ રીસેટ કરવા બાબત અરજી વરાછાઝોનમાં કરેલી અને લંબે હનુમાન રોડ દલિત વસાહત સેવા સંઘ ઝુંપડપટ્ટી, સુરભી સામે નવી વસાહતમાં કામગીરી પણ કરેલ છે અને મફતનગર ઝુંપડપટ્ટીમાં કામ ચાલતું હતું તે કામ એકાએક બંધ કરી દેવામાં આવ્યું એનું શું કારણ છે? આની માહિતી વિગતવાર આપશો.

નવી વસાહતમાં મફત નગરમાં તેમજ શિવાજી નગરમાં તુટેલ પત્થર બેસાડવા સેટ રીસેટ કરવાનું જે કામ બાકી અધુરૂ છે તે પુરુ કરવા માટે આ અરજી કરવાની જરૂર પડી છે આ અરજી મળ્યા પછી સ્થળ તપાસ કરી કામગીરી કયારે ચાલુ કરવાના છો એની ચોકકસ માહિતી સમય મર્યાદામાં આપવા બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય અવધિમાં માહિતી મળેલ નથી તેવું જણાવી તા.૩૦–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરવામા આવેલ. જેના અનુસંધાને અત્રેથી બંને પક્ષકારો પાસેથી પૂરક વિગતો આરટીઆઈ સેલ/૧૭૭ તા.૯–૫–૧૧ થી માંગવામાં આવેલ. જેમાં જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં અરજદારે અરજી તથા અપીલ અરજી પરત ખેંચવાની રજુઆત કરેલ. પરંતુ અરજદારે તે અંગે અપીલ સાથે કે અપીલ તબકકે કોઈ પૂરક વિગત/ પત્ર લખી તક આપવા છતાં અરજદારે અપીલ અરજી સંદર્ભેના નિર્દિષ્ટ અરજીઓ, પત્રો, મળેલી માહિતીના પત્રો કે નકલો કે પક્ષકાર જાહેર માહિતી અધિકારી પણ જણાવેલ નથી. તે અંગે વિગતો મોકલવા સાથે જવાબો માન્ય નથી તે અંગે કોઈ આધાર રજૂ કરેલ નથી. તેમજ અપીલ પરત ખેંચવા અંગે પણ કોઈ વિગતો રજૂ કરેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ વિગતોમાં તેમના આરટીઆઈ અરજી/ અપીલ અરજી પરત /દફતરે કરવા બાબતે ફોરવર્ડીગ પત્ર ઉપર અરજદારે સહી કરેલ છે અને જેની નોંધ લેવા અત્રે જણાવવામાં આવેલ છે. આથી અરજદારે અરજી પરત ખેંચી હોય અપીલનું કોઈ કારણ ઉત્પન થાય નહીં તેમજ અપીલ અરજી પણ દફતરે કરવાનું જણાવેલ હોઈ અપીલ અરજી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૩–૧૧ ની અરજી પરત ખેંચી હોય તેમજ  અપીલ અરજી પણ પરત ખેંચવામાં આવેલ હોઈ અપીલ અરંગે કોઈ કાર્યવાહી કરવાની  રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(જે.એમ. પટેલ)
ડે.કમિશ્નર (પીએન્ડડી)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :      –૬–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર  અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ